## જૂનાગઢ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રિમોન્સૂન કામગીરીની પૂર્વ તૈયારીઓ શરૂ

# કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષતામાં ચોમાસાની સંભવિત આપદાઓ સંદર્ભે બેઠક યોજાઈ

### ફરજ દરમ્યાન બેદરકારી દાખવનાર અધિકારી-કર્મચારીમાં સામે કડક પગલાં ભરવા કલેક્ટરશ્રીના સ્પષ્ટ નિર્દેશ





જૂનાગઢ, તા.૨૨

આગામી વર્ષાઋતુને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રિમોન્સૂન કામગીરીની પૂર્વ તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. આ ચોમાસામાં સંભવિત આપદાઓના સંદર્ભે કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાની અધ્યક્ષતામાં બેઠક મળી હતી.

કલેક્ટર કચેરી ખાતે મળેલી આ બેઠકમાં કલેક્ટરે જિલ્લામાં નવા નિયુક્ત અધિકારીઓએ પોતાના કાર્યક્ષેત્રના ભૌગોલિક વિસ્તારથી પરિચિત થવા માટે સૂચના આપતા કહ્યું કે, ભારે વરસાદની પરિસ્થિતિમાં જાનહાનિ ન થાય અને લોકોના જાન-માલને નુકસાન ન થાય સાથે જ આપત્તિની સ્થિતિમાં કોમ્યુનિકેશન વ્યવસ્થા જળવાઈ રહે તેટ્ઠડ સુનિશ્ચિત કરવા માટે સંબંધિત અધિકારીઓને જણાવ્યું હતું. ડિઝાસ્ટરમાં ફરજ દરમ્યાન બેદરકારી દાખવનાર અધિકારી-કર્મચારીમાં સામે કડક પગલાં ભરવાના કલેક્ટરે સ્પષ્ટ નિર્દેશ આપ્યા હતાં. સાથે જ આપત્તિમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે માટે સંબંધિત અધિકારીઓને જણાવવામાં આવ્યું હતું. કુદરત દરેક આપદામાં નવો સંદેશ આપે છે. તેમ જણાવતા કલેક્ટરે વર્ષાઋતુમાં સંભવિત આપદાઓમાં રાહત બચાવ કાર્ય સુચારૂ રીતે થાય તે માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જર્જરીત મકાનોને દૂર કરવા માટે નોટિસ આપવા, પૂરની સ્થિતિમાં વૈકલ્પિક રસ્તાઓ અને ખાસ કરીને તેમણે પીજીવીસીએલ દ્વારા અને તાલુકા કક્ષાએ કંટ્રોલરૂમ સુચારૂ રીતે કાર્યરત રહે તે માટે સ્પષ્ટ નિર્દેશ આપ્યા હતા. ઉપરાંત સ્થળાંતરની સ્થિતિમાં સેલ્ટર રૂમ ખાતે પ્રાથમિક સુવિધાઓની ચકાસણી કરવાની સાથે પીવાનું પાણી અને ખાદ્ય સામગ્રીની ઉપલબ્ધતા અંગે જરૂરી વ્યવસ્થાઓ કરવા માટે સૂચના આપી હતી. જિલ્લાના જળાશયોમાંથી પાણી છોડવા સમયે કાંઠા વિસ્તારના લોકોને એલર્ટ કરવા માટે સુચારૂ રીતે કોમ્યુનિકેશન થાય તે માટે સૂચનાઓ આપી હતી. ભારે વરસાદની સ્થિતિમાં રોગચાળો ન ફેલાય તે માટે જંતુનાશક દવાનો છંટકાવ, પીવાના પાણીનું ક્લોરીનેશન અને આવશ્યક દવાઓનો જથ્થો ઉપલબ્ધ રહે તે માટે પણ સંબંધિત અધિકારીને જણાવ્યું હતું. આ ઉપરાંત તરવૈયાનું યાદી અને રાહત બચાવવા માટે ઉપલબ્ધ સાધનોની અધ્યતન વિગતો તૈયાર કરવા માટે સૂચના આપી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, ઈન્ચાર્જ જિલ્લા પોલીસ વડા કરણરાજ વાઘેલા, જિલ્લા પુરવઠા અધિકારી રીનાબેન ચૌધરી, પ્રાંત અધિકારી ભૂમિબેન કેશવાલા, સહિતના સંબંધિત અધિકારી તથા જિલ્લાના મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# ઝાયડસ હોસ્પીટલ અમદાવાદ દ્વારા હાટકેશ હોસ્પીટલ જૂનાગઢ ખાતે ખાસ કેમ્પ

જૂનાગઢ, તા.૨૨

આરોગ્ય ક્ષેત્રે શિરમોર સામી સેવાઓમાં નંબર -૧ ગણાતી ઝાયડસ હોસ્પીટલ અમદાવાદ દ્વારા જૂનાગઢમાં ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આવતીકાલ તા.૨૩/૪/૨૦૨૩ રવિવારના સવારે ૯:૩૦ થી બપોરના ૧:૩૦ દરમ્યાન શ્રી હાટકેશ હોસ્પીટલ જૂનાગઢ ખાતે આ ખાસ કેમ્પ યોજાશે. જાણિતા તબીબો તેમાં સેવા આપવાના છે. ખાસ કરીને લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડો.અંકુર વાગડીયા, યુરો ઓન્કોલોજી અને રોબોટીક સર્જન ડો.રાજ પટેલ તેમજ વાસ્કુલર અને ઈન્ટરનેશનલ રેડીયોલોજીસ્ટ ડો.દિવ્યેશ ડઢાણીયા તેમજ મોઢા અને ગળાના કેન્સર સર્જન ડો.દિપેન પટેલ પોતાની સેવાઓ આપશે. તપાસ ફી રૂા.૧૦૦ રાખવામાં આવી છે. જયારે રજીસ્ટ્રેશન માટે ૦૨૮૫-૨૬૫૩૬૫૨ તથા ૯૧-૯૮૭૯૬ ૦૩૦૩૦ ઉપર સંપર્ક સાધવા જણાવેલ છે. જૂનાગઢમાં આવતીકાલે યોજાય રહેલા ખાસ કેમ્પનો લાભ લેવા જરૂરીયાતમંદને અનુરોધ કરવામાં આવેલ છે. અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રીપોર્ટ લાવવા જરૂરી છે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા ચાલુ નાણાકીય વર્ષમાં હાઉસટેકરા ઉપર વળતર યોજના અમલી

જૂનાગઢ, તા.૨૨

જૂનાગઢ મહાનગર-પાલિકાની અખબારી યાદી જણાવે છે કે, જૂનાગઢ મહાનગરપાલિકા હદ વિસ્તારમાં મિલ્કત ધરાવતા તમામ મિલ્કત ધારકોને જાણ કરવામાં આવે છે કે, ઘરવેરા વસુલાતની કામગીરી રાબેતા મુજબ ચાલુ કરવામાં આવેલ છે જેથી ઘરવેરા શાખાના વર્ષ ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષમાં પાછલી બાકી રકમ સાથે ચાલુ નાણાકીય વર્ષની રકમ ભરપાઈ કરવામાં આવશે તો રહેણાંક તથા બિનરહેણાંક મિલ્કતમાં તા.૩૦/૬/૨૦૨૩ સુધી સામાન્યકર, શિક્ષણ ઉપકર અને ફાયરસેફ્ટી ચાર્જ ઉપર ૧૦% વળતર તેમજ ઓનલાઈન ભરપાઈ કરવામાં આવે તો વધારાનું ૨% મળી કુલ ૧૨% વળતર આપવામાં આવશે. આ વળતરનો લાભ લેવા માટે અગાઉના વર્ષના હાઉસટેકસના બિલ ઉપરથી ચાલુ નાણાકીય વર્ષ સને.૨૦૨૩-૨૪ના વર્ષનો હાઉસટેકસ સ્વિકારવામાં આવશે. જે મિલ્કત ધારકોની મિલ્કતની ઘરવેરા રજીસ્ટરે નોંધ થયેલ ન હોય તેવા મિલકતધારકોએ પોતાની મિલ્કતની નવી નોંધણી કરાવવા/નામ ટ્રાન્સફર કરાવવા અને મિલ્કત આકારણીમાં સુધારા વધારાને લગતી કોઈપણ અરજી કરવાની હોય તો સત્વરે આ બાબતની અરજી મહાનગરપાલિકા કચેરી ખાતે કરવા આથી જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા જૂનાગઢ મહાનગર-પાલિકા હદ વિસ્તારમાં મિલ્કત ધરાવતા તમામ મિલ્કત ધારકોને જાણ કરવામાં આવે છે. જૂનાગઢ મહાનગરપાલિકા હદ વિસ્તારમાં જે મિલ્કત ધારકોએ તા.૧/૪/૨૦૨૩ પછી રહેણાંક/બિનહેણાંક મિલ્કતમાં વિદ્યુત સોલાર સિસ્ટમ હીટ કરવામાં આવેલ રોને કરદાતાઓને ઘરવેરામાં ૧૦% ડીસ્કાઉન્ટ(રાહત) આપવામાં આવશે. આ ડીસ્કાઉન્ટ વધારાના ડીસ્કાઉન્ટ તરીકે આપવામાં આવશે તથા વિદ્યુત સોલાર સિસ્ટમના આધારા-પુરાવાઓ રજૂ કરવાના રહેશે તેમજ પી.જી.વી.સી.એલ નો આધાર પુરાવો રજુ કરવાનો રહેશે તા.૧/૪/૨૦૨૩ પહેલા વિદ્યુત સોલાર સિસ્ટમ ફીટ કરેલ હશે તેને આ લાભ મળવાપાત્ર નથી. આ વધારાનું ૧૦% ડીસ્કાઉન્ટ ફકત નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ પરંતુ જ મળવાપાત્ર રહેશે.

# અંગ્રેજી ભવનના ભરતી કૌભાંડ બાબતે તપાસ સમિતિની નિમણૂંક કરવા અન્યાયના ભોગ બનેલા તેજસ્વી આદિવાસી મહિલા ડો.અનસૂયા એન. ચૌધરીની મુખ્યમંત્રીને રજુઆત

રાજકોટ, તા.૨૨

નીચલા મેરીટ ધરાવતા ઉમેદવારની આસિસ્ટન્ટ પ્રોફેસર (એસ.ટી.કેટેગરી)માં અંગ્રેજી ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા અન્યાયી પસંદગી બાબતે પ્રથમ પ્રયત્ને નેશનલ એલીજીબિલિટી ટેસ્ટ પાસ કરનારા પીએચ.ડી.ના ગાઈડ અને અઢાર વરસનો અધ્યાપક તરીકે અને આઠ વર્ષનો અનુસ્નાતકનો અનુભવ ધરાવતા અને શિક્ષણ જગતમાં અને વિદ્યાર્થીઓમાં જેની ખૂબજ તેજસ્વી અધ્યાપક તરીકે લોકચાહના છે એવા ડો. અનસૂયા ચૌધરીએ રાજયના મુખ્યમંત્રીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, 'સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા તા.૨૯-૦૩-૨૩ના રોજ અંગેજી ભવનમાં આસિસ્ટન્ટ પ્રોફેસર(એસ. ટી. કેટેગરી) ઉમેદવારના ઈન્ટરવ્યુ લેવાયેલ હતા જેમાં ઉચ્ચ એકેડેમીક સ્કોર ૮૩ હોય એવી મારી પસંદગી કરવામાં ન આવી અને નીચલા મેરીટ સ્કોર ૪૯ ધરાવતા ઉમેદવાર હેના મૂલીયાણાની પસંદગી કરવામાં આવી જે ખૂબ જ અન્યાયભરી પસંદગી છે. આ બાબતે મને ખૂબ મોટો અન્યાય કરવામાં આવ્યો છે અને મારી ખૂબ માનહાનિ થઈ છે. સ્કોરને ધ્યાને ન લેતા તેમની અંદરો અંદરની ગોઠવણ અને કોઈક પણ રાજકારણને કારણે તેમની પસંદગી કરવામાં આવી છે. જો સ્કોર મહત્વના ન હોય તો કોઈ પણ વ્યક્તિ ફક્ત ઈન્ટરવ્યુ અને આવી ગોઠવણથી, કોઈની ચાપલૂશી અને હાજી હા કરીને યુનિવર્સિટી જેવી કક્ષાએ કોઈ પણ પ્રોફેસર બની શકે એ નવા ધારાની યાત્રા સૌ. યુનિ. અને અંગેજી ભવનથી શરૂ થઈ એમ કહી શકાય. એ ધારો શિક્ષણ જગતની પડતી સમાન છે. જો આ બાબત ઉચ્ચ કક્ષાએ ચલાવી લેવામાં આવે તો શિક્ષણ નોંધારૂ બને તો નવાઈ નહીં ! આનાથી સમાજમાં ખોટો સંદેશો ફેલાયો છે. આ બાબતે ઉચ્ચ સ્તરે બેઠેલા હોદેદારો યોગ્ય પગલા લેવા જરૂરી બને છે. આ મુદો લગભગ ગુજરાતનાં જાણીતા અખબારોના માધ્યમથી લોકો સુધી પહોંચ્યો છે. આ સાથે યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યો એ પણ યુનિવર્સિટી સત્તાધીશો વિરુદ્ધ રાજયપાલ, મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી વગેરેને આમાં થયેલ ગેરરીતિ અંગે પત્ર પાઠવ્યા છે. જે આ સાથે હું આપના સંદર્ભ માટે જોડી રહી છુ. આ બાબતોને ધ્યાને લઈ ઘટતું કરશોજી. મારી આપને ખાસ નમ્ર વિનંતી છે કે આ બાબતે તપાસ સમિતિ ગોઠવી ત્વરિત પગલાં લઈ મને યોગ્ય ન્યાય અપાવશો એવી આશા છે."

અત્રે ઉલ્લેખનીય છે કે, અંગ્રેજી ભવનનાં વર્તમાન અધ્યક્ષ પ્રો.આર. બી. ઝાલાના માર્ગદર્શન હેઠળ શ્રેષ્ઠ સંશોધન કરનાર ડો.અનસૂયા ચૌધરી અંગ્રેજી ભવનમાં હાલ ફરજ બજાવતા સાત કાયમી અધ્યાપકો કરતા પણ સારો એકેડમિક રેકોર્ડ ધરાવે છે. અંગ્રેજી ભવનનાં પૂર્વ વડા સંજય મુખરજી સહિત કેટલાક અધ્યાપકો નેટની અઘરી પરિક્ષામાં નાપાસ થયા હતા. જયારે તેજસ્વી ડો. અનસૂયા ચૌધરીએ નેટની પરીક્ષા પ્રથમ પ્રયત્ને દાયકાઓ પહેલા પાસ કરી સમગ્ર દેશમાં કોઈપણ યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે નિયુક્તિ મેળવવાની લાયકાત પ્રાપ્ત કરી છે. અંગ્રેજી ભવનનાં સાત અધ્યાપકો પૈકી એક પણ અધ્યાપક નેશનલ એલિજીબિલિટી ટેસ્ટ પાસ નથી તે હકીકત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના રેકોર્ડ ઉપર છે. અંગ્રેજી ભવનમાં અધ્યાપક તરીકે નિમણૂંક બાબતે પસંદગીકારોએ જેમને ભારે અન્યાય કર્યો છે તે તેવા ડો. અનસૂયા ચૌધરીએ અગાઉ મુખ્યમંત્રી ઉપરાંત રાજ્યપાલ, આદિ જાતિ વિકાસ ખાતા મંત્રીને, મહિલા આયોગના અધ્યક્ષાને તેમજ ઉચ્ચ શિક્ષણ મંત્રીને પત્રો પાઠવ્યા છે અને ત્વરિત કાર્યવાહી માટે સ્મૃતિ પાત્રો પણ પાઠવ્યા છે.

# સંત નિરંકારી મિશન દ્વારા જૂનાગઢમાં આગામી સોમવારે રકતદાન શીબીર

જૂનાગઢ, તા.૨૨

સંત નિરંકારી મિશનના પૂર્વ માર્ગદર્શક, માનવતાના મસીહા બાબા ગુરૂબચનસિંહજીની પાવન સ્મૃતિમાં ૨૪ એપ્રિલએ માનવતા એકતા દિવસ મનાવવામાં આવશે. આ દિવસે સંપૂર્ણ નિરંકારી જગત દ્વારા વિશ્વવ્યાપી રકતદાન શિબીરોની શ્રૃંખલાઓનો પણ શુભારંભ થશે.

વેરાવળ ઝોનના ઝોનલ ઈન્ચાર્જ ભગવાનદાસજીએ જણાવ્યું કે સંત નિરંકારી મિશનની સામાજિક શાખા, સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા ૨૪ એપ્રિલે સૌથી વધારે શહેરોમાં માનવ કલ્યાણ રકતદાન શિબીર આયોજીત કરવામાં આવશે. ગુજરાત રાજયમાં, સુરત, અદાવાદ, વડોદરા, ભૂજ, મહેસાણા, ગાંધીનગર, દાહોદ તથા વેરાવળ ઝોનના જૂનાગઢ તથા દામનગર સહિત ૧૨ (બાર) સ્થળો ઉપર રકતદાન થશે. જયારે મુખ્ય આયોજન દિલ્હીમાં થશે. જૂનાગઢમાં રકતદાન શિબિર સવારે ૯-૦૦ થી ૨-૦૦ વાગ્યા સુધી ભવાની હોલ, દાતાર રોડ ખાતે થશે. જયાં નિરંકારી મિશનથી જોડાયેલા બધાજ રકતદાતા સ્વૈચ્છિક પૂર્વક સામેલ થઈ પૂરા ઉત્સાહથી રકતદાન કરશે. તેમણે જણાવ્યું કે, યુગ પ્રવર્તક બાબા ગુરૂબચ્ચનસિંહજીએ સત્યના બોધ દ્વારા માનવ જીવનને દરેક પ્રકારના ભ્રમોથી મુકત કરાવ્યા, સાથે સમાજ ઉત્થાન માટે અનેક કલ્યાણકારી યોજનાઓને અમલી કરી. જેમાં સાદા સાદિયાં, નશામુકિત તથા યુવાનોને રમત-ગમત પ્રત્યે પ્રેરીત કર્યા. એ સમય ઉપરાંત બાબા હરદેવસિંહજીના પ્રેરક સંદેશ રકત નાડીઓમેં બહે, ન કી નાલીયો મેં ધ્વારા દરેક શ્રધ્ધાળુઓને એક નવી સકારાત્મક દિશા મળી. તેજ પ્રેરક સંદેશને દરેક નિરંકારી ભકત માનવતાના ઉપકારમાટે નિરંતર તેને જીવંત સ્વરૂપમાં અપનાવી લોક કલ્યાણ માટે પોતાની સેવા પ્રદાન કરી રહયા છે. સંત નિરંકારી મંડળના સચિવ શ્રી જોગીંદર સુખીજાજીએ કાર્યક્રમની વિસ્તૃત જાણકારી આપતા કહયું કે, આ મહાઅભિયાન ભારતમાં સ્થાપિત સંત નિરંકારી મિશનના ૯૯ ઝોનની લગભગ દરેક બ્રાંચમાં આયોજીત કરવામાં આવશે. આ દરેક રકતદાન શિબીરોમાં રકતદાનથી પહેલામાં કરવામાં આવતી તપાસ અને સ્વચ્છતા પ્રત્યે વિશેષ ધ્યાન આપવામાં આવો,સાથે રકતદાતાઓ માટે જલપાનની દરેક સુવિધાઓ પણ કરવામાં આવી રહી છે. રકતદાન શિબીરોમાં રકત સંગ્રહીત કરવા માટે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી અને સરકારી હોસ્પીટલોથી યોગ્ય તથા પ્રશિક્ષિત ટીમ આવરો નિશ્ચિતરૂપમાં લોક કલ્યાણ માટે ચલાવવામાં આવી રહેલું આ મહાઅભિયાન નિરંકારી સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજની સેવા પ્રદત્ત શિક્ષાઓને દર્શાવતા એકત્વ તથા માનવતાનો દિવ્ય સંદેશ પ્રેષીત કરી આપે છે. જેનાથી નિરંકારી જગતના દરેક શ્રધ્ધાળુઓ પ્રેરણા પ્રાપ્ત કરી પોતાના જીવનને કૃતાર્થ કરી રહયા છે.

# કોડીનાર રેલ્વે સ્ટેશનને મીટર ગેઈજમાંથી બ્રોડ ગેઈજમાં રૂપાંતરીત કરી ચાલું કરવા ધારાસભ્ય ડો.પ્રદ્યુમન વાજાએ રેલ્વે રાજ્યમંત્રીને રજૂઆત કરી

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૨

કોડીનાર શહેર ખાતે આવેલ મીટર ગેજ રેલ્વે સ્ટેશન ઘણા વર્ષોથી બંધ થયેલ હોય કોડીનાર મીટર ગેજ રેલ્વેને બ્રોડગેજ લાઈનમાં રૂપાંતરિત કરવા કોડીનારના ધારાસભ્ય ડો. પ્રદ્યુમન વાજાએ રેલ્વે રાજયમંત્રી દર્શનાબેન જરદોશને પત્ર પાઠવી રજૂઆત કરી હતી. કોડીનારની મુલાકાતે આવેલા કેન્દ્રીય રેલ્વે રાજયમંત્રી દર્શનાબેન જરદોશને કોડીનારના પૂર્વ ધારાસભ્ય ડો.પ્રદ્યુમન વાજા અને પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકીએ રૂબરૂ મુલાકાત કરી કોડીનારને બ્રોડગેજ રેલ્વે સુવિધા શરૂ કરવા માટે પત્ર પાઠવ્યો હતો જેમાં જણાવ્યા મુજબ કોડીનાર શહેર અને તાલુકામાં ઘણી હેવી ઈન્ડસ્ટ્રીઝ આવેલી છે જેમાં રાજય બહારના કર્મચારીઓ અને શ્રમિકો મોટા પ્રમાણમાં નોકરી કરી રહેલ છે તેમજ આ વિસ્તારમાં વિદ્યાર્થીઓ તેમજ પ્રજાજનો માટે પણ રેલ્વેની સુવિધા ઉપલબ્ધ નથી તેમજ બાજુમાં કેન્દ્ર શાસીત દીવ તેમજ તુલસીશ્યામ જેવા પર્યટક સ્થળો પણ આવેલ છે જે પ્રવાસીઓને પણ આ રેલ્વે સ્ટેશન ચાલું થવાથી ફાયદો મળી શકે તેમજ હાલ આ રેલ્વે લાઈન મીટર ગેઈજ હોય જો તેને બ્રોડગેઈજમાં રૂપાંતરીત કરવામાં આવે તો પુરા દેશ સાથે આ વિસ્તારની કનેકટીવીટી મળી શકે અને આ વિસ્તારની ઈન્ડસ્ટ્રીઝોને પણ માલ પરીવહનમાં પણ આનો મોટો ફાયદો થઈ શકે તેમ હોય કોડીનાર રેલ્વે સ્ટેશન ચાલું કરી મીટર ગેજ લાઈનને બ્રોડગેજમાં રૂપાંતરિત કરવા માંગણી કરી હતી.



કોડીનાર રેલવે સ્ટેશન હાલ જર્જરિત હાલતમાં હોય તેમજ વર્ષો જુની મીટર ગેજ લાઈનનું ગેજ પરિવર્તન કરવાથી ખેડૂતો અને અન્યોને પણ નુકશાન ન જવાનું હોય આ સંદર્ભે જૂની મીટર ગેજ લાઈનનું જ ગેજ પરિવર્તન કરીને ત્યાં જ બ્રોડ ગેજ લાઈન બનાવવામાં આવે તે સંદર્ભે કોડીનારના ધારાસભ્ય પ્રદ્યુમન વાજાએ કેન્દ્રીય રેલવે રાજયમંત્રીને પોતાના લેટર પેડ ઉપર રજુઆત કરતા કેન્દ્રીય રેલવે રાજય મંત્રીને કરેલી રજુઆત સંદર્ભે દર્શનાબેને હકારાત્મક પ્રત્યુત્તર પાઠવ્યો હતો. અત્રે ઉલ્લેખનિય છે કે ૨૦૦૯ માં યૂ.પી.એ સરકારમાં પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકીની રજૂઆતના પગલે તત્કાલીન રેલ્વે મંત્રી મમતા બેનરજીએ સોમનાથ-કોડીનાર નવી રેલ્વે લાઈન મંજૂર કરી હોવા છતાં ૧૪ વર્ષનો લાંબો સમય ગાળો વીતવા છતાં નબળી નેતાગીરીના કારણે કોડીનારને બ્રોડગેજ રેલ્વે સુવિધા મળી ન હોય કોડીનારને હવે વહેલી તકે બ્રોડગેજ સુવિધા આપવા માંગણી ઉઠવા પામી છે.


# શેઠ બ્રધર્સનું નવું એડવાન્સ કાયમ ચૂર્ણ હવે ગ્રેન્યુલ્સ ફોર્મમાં ઉપલબ્ધ

(પંકજ ઝીબા દ્વારા) રાજકોટ, તા.૨૨

કબજીયાત માટે છેલ્લા ૫૦ વર્ષથી દેશ-વિદેશમાં સૌથી લોકપ્રિય અને જાણીતી બ્રાન્ડ 'કાયમ ચૂર્ણ'ના ઉત્પાદક ભાવનગર વાળા શેઠ બ્રધર્સ હવે નવી ફોર્મ્યુલા સાથે કાયમ ચૂર્ણ એડવાન્સ બજરમાં પ્રસ્તુત કર્યું છે. કાયમ ચૂર્ણ એડવાન્સ ગ્રેન્યુલ્સ ફોર્મમાં છે જેથી ગળામાં ચોટતું નથી. વળી તેનો જીરા ફલેવર્સનો સ્વાદ પણ ટેસ્ટી છે. નવી ફોર્મ્યુલા સાથે તે વધુ અસરદાર બન્યું છે. એરંડ તેલ તથા ગુલાબપત્તીના ગુણોને કરણે ચુંક આવ્યા વગર પેટને સરળતાથી સાફ કરે છે. નવા એડવાન્સ કાયમ ચૂર્ણની ફોર્મ્યુલા નિર્દોષ આયુર્વેદિક છે જેથી તેની કોઈ આડઅસર નથી તેમજ આદત પણ પડતી નથી.



સૌરાષ્ટ્રભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ઈ-કોમર્સે જીવનને આસાન બનાવી દીધું છે

એક દાયકાથી વધુ સમયથી ઈ-કોમર્સમાં ભારત અને દુનિયામાં ભારે વૃધ્ધિ થઈ છે. ભારતમાં કુલ રિટેલ વેપારના લગભગ ૬.૫ ટકા આજે ઈ-કોમર્સના માધ્યમથી થાય છે. ઈ-કોમર્સે જીવનને આસાન બનાવી દીધું છે, કારણ કે લોકોને ઘરે બેઠાં એક બટન ક્લિક કરીને વસ્તુઓ અને સેવાઓ મળવા લાગી છે. રેલવે-બસ ટિકિટ હોય કે એરટિકિટ, હોટલ બુકિંગ હોય કે ટેક્સી, ઓટોથી આવવું-જવું, બધું જ સુવિધાજનક થઈ ગયું છે. ઈ-કોમર્સથી વિભિન્ન પ્રકારની ઘરેલુ અને વ્યાવસાયિક સેવાઓ સુધી આસાનીથી પહોંચી શકાય છે. પરંતુ તેની સાથે જ કેટલીક મોટી ઈ-કોમર્સ કંપનીઓનો દબદબો વધી રહ્યો છે, જેનાથી પારંપરિક વ્યવસાયોને ભારે નુક્સાન થઈ રહ્યું છે. સવાલ માત્ર કમિશનનો નથી, આ કંપનીઓ ડેટા પર પોતાના એકાધિકારને કારણે વિભિન્ન વિક્રેતાઓ વચ્ચે ભેદભાવ કરે છે અને પોતાના પસંદગીના વિક્રેતાઓને પ્રાથમિકતા આપે છે. એવામાં અન્ય વિક્રેતાઓને નુક્સાન થાય છે. જોકે આ કંપનીઓ પોતાના ગ્રાહકોને સસ્તો સામાન અને સેવાઓ આપવાનો દાવો કરે છે, પરંતુ પોતાની આર્થિક તાકાતને કારણે આ નાના પારંપરિક દુકાનદારો, ટ્રાવેલ એજન્ટો વગેરેને બજારમાંથી બહાર કરવા માટે ગ્રાહકોને ભારે છૂટ આપે છે. પોતાના ખુદના પૈસે અને ડ્રાઈવરોને આકર્ષિત કરવા માટે તેમણે ભારે પ્રોત્સાહન પણ આપ્યું, પરંતુ વ્યવસાય સ્થાપિત કર્યા બાદ ઉબર જેવા એગ્રીગેટર ગ્રાહકોને વધુ ચૂકવણી કરવા માટે મજબૂર કરે છે અને ડ્રાઈવરોની કમાણીના લગભગ એક તૃતિયાંશ આ એગ્રીગેટર છીનવી લે છે.

એવામાં નાના વેન્ડરો અને ગરીબ કામદારો પાસે માત્ર બે વિકલ્પ છે - કાં તો પોતાનું શોષણ થવા દે અથવા વ્યવસાય છોડી દે. એટલું જ નહીં, ઈ-કોમર્સ કંપનીઓના કેશ બર્નિંગ મોડેલને કારણે પરંપરાગત કારોબારી પણ ધંધાની બહાર થઈ રહ્યા છે. ચાહે કિરાણા દુકાન હોય કે રેડીમેડ વસ્ત્રોની દુકાન કે ઈલેક્ટ્રોનિક્સ અને ઘરેલુ સામાનના શોરૂમ કે પારંપરિક ટ્રાવેલ એજન્ટ. આ કંપનીઓના આવવાથી રિટેલ વેપારમાં રોજગારનું ક્ષરણ થયું છે. કહી શકાય કે આજનું ઈ-કોમર્સ સમાવેશી નથી. આપણે ઈ-કોમર્સને બંધ ન કરી શકીએ અને એવું કરવાની જરૂર પણ નથી, પરંતુ સવાલ વિક્રેતાઓ અને ઉપભોક્તાઓના હિતોની રક્ષાનો છે. શું આપણે આ ઈ-કોમર્સ દિગ્ગજોની લાલચ પર રોક લગાવી શકીએ? આ સવાલોના જવાબ ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ (ઓએનડીસી)માં મળી રહ્યા છે, જે એક રજિસ્ટર્ડ કંપની છે. ઓએનડીસી નેટવર્ક ઈ-કોમર્સને એક ચેનલ પ્રદાન કરી રહ્યું છે. તે ખરીદારો અને વેચાણકારો વચ્ચે એક કડી પ્રદાન કરવાની કોશિશ કરે છે, જે શોષણકારી નથી. આ પ્રણાલીમાં કંપનીઓ ડેટા એકાધિકાર અને ક્રુત્રિમ બુદ્ધિમતાના ઉપયોગના માધ્યમથી વિક્રેતાઓ વચ્ચે ભેદભાવ નથી કરી શકતી. તેમાં ગ્રાહકો વિભિન્ન પ્રકારના વિક્રેતા, સેવા પ્રદાતા વગેરેને આસાનીથી શોધી શકશે અને ઈ-કોમર્સ બજારમાં એકાધિકારને બદલે પ્રતિસ્પર્ધાના આધાર પર વ્યવસાયને ઉત્તેજન આપી શકાશે.

સામાન્ય રીતે આ કંપનીઓ એક પ્લેટફોર્મ દ્વારા કામ કરે છે. વિક્રેતા કે સેવા પ્રદાતા સંબંધિત પ્લેટફોર્મ પર પોતાનું રજીસ્ટ્રેશન કરાવે છે અને તેમને કેટલાય પ્લેટફોર્મ પર રજીસ્ટ્રેશન કરાવવાનું હોય છે. જોકે આ પ્લેટફોર્મ ગ્રાહકો અને વિક્રેતાઓને છૂટ અને પ્રોત્સાહનની લાલચ આપીને તેમને આકર્ષિત કરવાની કોશિશ કરે છે, પરંતુ વ્યવસાય સ્થાપિત થયા બાદ તેઓ ગ્રાહકો અને વિક્રેતાનું શોષણ કરે છે. ઓએનડીસી વાસ્તવમાં વિભિન્ન પ્લેટફોર્મ અને ગ્રાહકો વચ્ચેની એક કડી છે, જે નફાના ઉદ્દેશ્યથી કામ નથી કરતું. હાલ સુધી સામાન્ય ઈ-કોમર્સમાં વિક્રેતા અને સેવા પ્રદાતા એ પ્લેટફોર્મ પર નિર્ભર હોય છે. ગ્રાહક પ્લેટફોર્મ પર માત્ર એ જ વિક્રેતાઓને જોઈ શકે છે, જે એ પ્લેટફોર્મ પર રજિસ્ટર્ડ છે. ઓએનડીસીમાં વિભિન્ન પ્રકારના પ્લેટફોર્મને જ રજીસ્ટ્રેશનની સુવિધા પ્રદાન કરવામાં આવે છે, પરંતુ ઓએનડીસીની શરત એ છે કે તેમાંથી કોઈપણ પ્લેટફોર્મ પર જે વેન્ડરો કે સેવા પ્રદાતાઓએ ખુદને રજીસ્ટર્ડ કરાવ્યા છે, તેમના દ્વારા પ્રદાન કરનારી વસ્તુઓ અને સેવાઓ ઓએનડીસી પર આવનાર તમામ ગ્રાહકોને દેખાશે. આ પ્રણાલીમાં કશું જ અપારદર્શી નથી.

આ પ્રણાલી જિયોગ્રાફિક ઈન્ફર્મેશન સિસ્ટમ (જીઆઈએસ) એટલે કે ભૌગોલિક માહિતી પ્રણાલીના માધ્યમથી કામ કરે છે અને વિક્રેતાઓ અને ગ્રાહકોને તેમના સ્થાનના આધાર પર સુવિધા પ્રદાન કરી શકે છે. ઉદાહરણ માટે જો કોઈ ગ્રાહક ઘેર બેઠાં કોઈ રેસ્ટોરન્ટથી ભોજન મંગાવવા ઈચ્છે તો ઓએનડીસી પ્રણાલીમાં તે આસપાસના તમામ રેસ્ટોરન્ટ સુધી પહોંચી શકે છે. જોકે જે ઈ-કોમર્સ પ્લેટફોર્મ વેન્ડર સાથે પોતાની સમજૂતી અનુસાર શુલ્ક લેવાનું જારી રાખી શકે છે, પરંતુ વ્યવસાય લાવવા માટે વિભિન્ન પ્લેટફોર્મ વચ્ચે પ્રતિસ્પર્ધાથી તેમનું કમિશન આપોઆપ ઓછું થઈ શકે છે. દરેક પ્લેટફોર્મ વધુને વધુ બિઝનેસ લાવવા માટે કમિશન ઓછું રાખવા માંગશે.

આ પ્રકારે, ઓએનડીસી ઈ-કોમર્સને પ્લેટફોર્મના અધિકારથી મુક્ત કરે છે અને સ્વસ્થ પ્રતિસ્પર્ધાને પ્રોત્સાહિત કરે છે. ઈ-કોમર્સ કંપનીઓએ પણ ઓએનડીસીના નેટવર્કમાં સામેલ થવામાં રસ દેખાડ્યો છે અને કેટલાક પ્લેટફોર્મ અને ચૂકવણી કંપનીઓ પણ ઓએનડીસી સાથે રજીસ્ટર થઈ રહી છે. ઓલા, ઉબર જેવી ટેક્સી સેવાઓએ હજુ સુધી રજીસ્ટ્રેશન નથી કરાવ્યું, પરંતુ કેટલીક નવી મોબિલિટી કંપનીઓ ઓએનડીસીમાં રસ દેખાડી રહી છે. આ પ્રણાલીને હાલમાં જ રજૂ કરવામાં આવી છે અને હજુ ઘણો ઓછો વ્યવસાય થઈ રહ્યો છે, પરંતુ આશા છે કે નજીકના ભવિષ્યમાં તે ઝડપથી વધશે. તેનાથી નાના ઈ-કોમર્સ પ્લેટફોર્મ માટે ભારે જાહેરાત ખર્ચ વિના ગ્રાહકો સુધી પહોંચવું સંભવ બની શકશે. જો ઓએનડીસી પ્રણાલી સફળ થાય છે તો તેની સાથે સાથે ઈ-કોમર્સના તમામ ફાયદા તો મળશે જ, સાથે જ તેની મોટાભાગની ખામીઓથી બચી શકાશે. ઉલ્લેખનીય છે કે અત્યાર સુધી હાલની સરકારના ટેકનિક સમર્થિત તમામ પ્રયાસો સફળ થતા દેખાય છે. આજે યુપીઆઈ દુનિયામાં એક દ્દષ્ટાંત બની ચૂક્યું છે અને તેના માધ્યમથી ઓનલાઈન ચૂકવણી ઝડપી અને કોઈ ખર્ચ વગર સંભવ થઈ શકે છે. ઓએનડીસીને પણ એક એવી પ્રણાલી રૂપે જોવામાં આવે છે જે ન માત્ર ગ્રાહકો અને વિક્રેતાઓનું શોષણ રોકી શકે છે, બલ્કે સ્થાનિક વ્યવસાયોને સુવિધા પ્રદાન કરીને સકલ ઘરેલુ ઉત્પાદન અને રોજગારમાં ભારે વૃધ્ધિ કરવામાં પણ સક્ષમ હોઈ શકે છે.

# સપ્ત ચિરંજીવીઓમાંનું એક ભગવાન શ્રી પરશુરામ



આ સૃષ્ટિમાં સાત વિભૂતિઓ ચિરંજીવી છે. ચિરંજીવી એટલે અમર. અશ્વત્થામા, બલિ, વેદવ્યાસ, હનુમાનજી, વિભીષણ, કૃપાચાર્ય અને પરશુરામ આ સાત પુરુષોની ચિરંજીવીમાં ગણના થાય છે. આ સાત સિવાય આઠમાં માર્કંડેય ઋષિ છે જે ચિરંજીવી છે. આ આઠે પુરુષોનું નિત્ય સવારે સ્મરણ કરવાથી ક્યારેય અકાલ મૃત્યુ થતું નથી અને આયુ સો વર્ષથી ઉપર થાય છે. આમ તો ભગવાન શ્રી પરશુરામજીને ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર માનવામાં આવે છે. મહાન ઋષિ જમદગ્નિ અને માતા રેણુકાદેવીના તેઓ પુત્ર છે. અક્ષય તૃતીયા કે અખાત્રીજના દિવસે તેમણે અવતાર ધારણ કરેલો. વિષ્ણુ ભગવાનના ઉવતારોમાં આ અદ્વેક બ્રાહ્મણ અવતાર છે. બ્રહ્મ તેજથી સંપન્ન ઋષિ જમદગ્નિ અને તેજસ્વી ક્ષત્રિયાણી માતા રેણુકા દેવી બંનેના ગુણ થી યુક્ત ભગવાન શ્રી પરશુરામનો જન્મ સાયં કાલના સૂર્યાસ્ત ની સંધિ સમયે એટલે કે સંધ્યા સમયે થયેલો. તેમના જન્મ થતી વેળાએ રડવાના બદલે તેમણે હું કાર કરેલો. પિતા જમદગ્નિ મહાજ્ઞાની હતા. તેઓ પોતાના આશ્રમમાં શાસ્ત્રો અને શાસ્ત્રોનું અધ્યયન કરાવતા હતા. જેથી બચપણથી જ ભગવાન શ્રી પરશુરામને વિવિધ વિષયોના શાસ્ત્રો અને વિવિધ શાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત થયેલું. માતા-પિતા પાસે જ તેમનું બાળપણ વીત્યું. તેમનાથી મોટા ચાર ભાઈ હતા. જેમનું અનુક્રમે નામ વસુગાન, સુષેણ, વસુ અને વિશ્વવસુ હતું. ભગવાન શ્રી પરશુરામ સૌથી નાના હતા. માત્ર બાર વર્ષની ઉંમરે તેમણે વેદોની ઋચાઓનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું હતું. ઉપનયન સંસ્કાર પ્રાપ્ત કરી લીધા બાદ માતા રેણુકા દેવીની આજ્ઞા લઈને કૈલાશ પર્વત પર દેવાધિદેવ મહાદેવજીને પ્રસન્ન કરવા માટે ઉગ્ર તપનો આરંભ કર્યો. તેમના કઠિન તપથી પ્રસન્ન થયેલા દેવાધિદેવ મહાદેવ એ તેમને દર્શન આપી વરદાન માંગવા કહ્યું. ત્યારે તેમણે મહાદેવજીને પોતાના ગુરૂ બની શસ્ત્રવિદ્યાનું જ્ઞાન આપવા માટે પ્રાર્થના કરી. મહાદેવજીએ તેમને શસ્ત્રવિદ્યા નું જ્ઞાન આપી "ફરશું"નામનું શસ્ત્ર આપ્યું. આમ વિષ્ણુ ભગવાનના અવતાર શ્રી પરશુરામ એ ધનુર્વિદ્યા તેમજ ફરશુ પ્રાપ્ત કરી વિઘ્નહર્તા શ્રી ગણપતિજીની પંચાગ્નિ સાધના કરી તેમની પાસેથી અન્ય શસ્ત્રોની તેમજ શાસ્ત્રોની વિદ્યા પ્રાપ્ત કરી. વરૂણદેવની સાધના કરી કાલ ગણના ના જ્ઞાનની પ્રાપ્તિ કરી. ત્યાર પછી સર્વ શક્તિમાન ભગવાન શ્રી પરશુરામના ચરિત્ર ના મહત્વની સુપ્રસિદ્ધ ઘટના બની. કાર્તવિર્ય નામનો મહિષ્મતી નગરીનો એક રાજા હતો. તે ભગવાન શ્રી દત્તાત્રેય નો ઉપાસક હતો. તેણે ભગવાન શિવજીની આરાધના કરી તેમને પ્રસન્ન કરી સહસ્ત્ર ભુજાઓની શક્તિ પ્રાપ્ત કરી અને જગતમાં સહસ્ત્રાર્જુન તરીકે સુપ્રસિદ્ધ થયો. એકદિવસ દેવર્ષિ નારદજીના મુખે સહસ્ત્રાર્જુને ઋષિ જમદગ્નિના આશ્રમની સમૃદ્ધિની મુક્ત કંઠે પ્રશંસા સાંભળી. તેનું કારણ જાણવાની ઈચ્છા સાથે તે સૈનિકો સાથે આશ્રમમાં પહોંચ્યો ? ત્યાં તેને જાણવા મળ્યું કે, આ આશ્રમમાં કામધેનુ ગાય હોવાના કારણોસર આશ્રમની તમામ સમૃદ્ધિ રહેલી છે. આ ગાય દેવરાજ ઈન્દ્રએ પ્રસન્ન થઈ જમદગ્નિ ઋષિને આપેલી આ ગાય લઈ જવા માટે સહસ્ત્રાર્જુન અને તેના સૈનિકોએ ઉત્પાત મચાવ્યો. બરાબર આ સમયે ભગવાન શ્રી પરશુરામજી ત્યાં આવ્યા તેમણે તેને યુદ્ધ માટે લલકારતા સહસ્ત્રાર્જૂન ત્યાંથી જાન બચાવીને ભાગી ગયો. ભગવાન શ્રી પરશુરામજી ફરી સાધના માટે કૈલાશ ચાલ્યા ગયા. પોતાની હારનો બદલો લેવા સહસ્ત્રાર્જુને ફરી જમદગ્નિ ઋષિના આશ્રમ ઉપર આક્રમણ કરી જમદગ્નિ ઋષિનું માથું ધડથી અલગ કરી દીધું. આ સમાચાર ભગવાન શ્રી પરશુરામજીને મળ્યા. તેઓ આશ્રમમાં આવ્યા માતા રેણુકા દેવીના ખોળામાં પિતાનું પવિત્ર શરીર નિશ્ચેત અવસ્થામાં જોતાની સાથે જ તેમનો ક્રોધ ભભૂકી ઉઠ્યો. તેમણે સહસ્ત્રાર્જુન સહિત તેના જેવા અન્ય કુશાસકોનો નાશ કર્યો. એકવખત માતા રેણુકા દેવીને કારણવશ વિલંબ થવાથી ક્રોધિત થયેલા પિતા જમદગ્નિએ પોતાના પુત્રોને માતાનો શિરચ્છેદ કરવાની આજ્ઞા આપી. મોટા ચાર ભાઈઓએ આ આજ્ઞા ન માની એટલે ત્યાં અચાનક આવી ચડેલા ભગવાન શ્રી પરશુરામજી ને પિતાએ આજ્ઞા કરતા પિતાની આજ્ઞા માથે ચડાવી માતાનો શિરચ્છેદ કરી નાખ્યો. આમ તેમણે પોતાની પિતૃ ભક્તિના દર્શન કરાવ્યા. પિતાએ પ્રસન્ન થઈ વરદાન માંગવા કહ્યું, ત્યારે માતા ફરી જીવતા થાય તે વરદાન માંગ્યું. સંજીવની વિદ્યાના જાણકાર પિતાએ માતાને ફરી જીવતા કર્યા અને હવેથી ફરી ક્યારેય ક્રોધ નહી કરવાનું પુત્રને વચન આપ્યું. ધર્નુવીર કર્ણ - પિતામહ ભીષ્મ જેવા શિષ્યોના ગુરૂ અને બ્રહ્મ તેજ ના જવલંત ઉદાહરણ એવા ભગવાન શ્રી પરશુરામજીને તેમના જન્મદિવસ નિમિત્તે કોટી કોટી દંડવત પ્રણામ.

- દેવેન કનકચંદ્ર વ્યાસ, અંજાર(કચ્છ)

# તમિલનાડુ રાજ્યપાલ આર.એન.રવિએ સૌરાષ્ટ્ર તમિલ સંગમ સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળ્યો

વેરાવળ, તા.૨૨

સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ અન્વયે પ્રભાસતિર્થની ભૂમિ ઉપર પધારેલા તમિલનાડુ રાજ્યપાલશ્રી આર. એન.રવિએ સૌરાષ્ટ્ર તમિલ સંગમ સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળ્યો હતો.

સૌરાષ્ટ્રીયન તમિલ પરિવારોને સંબોધન કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર અને પ્રભાસતિર્થની આ પવિત્ર ભૂમિ ભારતને સદીઓથી માર્ગદર્શિત કરતી આવી છે. મહત્વના તીર્થ સ્થાનોમાં સૌરાષ્ટ્રના દ્વારકા અને તમિલના કાંચીનો સમાવેશ થાય છે. સદીઓથી ચાલી આવતી સનાતન સંસ્કૃતિ આજે પણ આપણા સમાજના લોકોએ જીવંત રાખી છે. આપણો સમાજ વર્ષો સુધી એક હતો અને હવે ફરી આ સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ થકી એક બની રહ્યા છીએ. આપણું સૌભાગ્ય છે આપણને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું નેતૃત્વ મળ્યું છે કે દેશના દરેક લોકોની લાગણીને સમજે છે. ભારતની તાકાત એ ભારતની એકતા છે. વર્ષો પહેલાં અહીંના લોકો તમિલ ગયા ત્યારે તમિલ લોકોએ તેમને હરખથી સ્વીકારી લીધા. અહીંના લોકો પણ ત્યાં દૂધમાં સાકારની જેમ ભળી ગયા અને સંસ્કૃતિ, ભાષા, વેશભૂષા સહિત બધું સ્વાકારી લીધું. સમાજને સાથે લઈ ચાલવાનું વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈનું વલણ છે. ભારતે વિશ્વમાં એક આગવી ઓળખ ઉભી કરી છે, ૭-૨૦ એ તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આજે તમામ સમસ્યાઓના નિવારણ માટે વિશ્વને ભારતની આશા છે. વસુધૈવ કુટુમ્બકમની ભાવના સાથે આજે ભારત જ સંપન્ન અને સંપૂર્ણ રાષ્ટ્ર તરીકે ઉભરી રહ્યું છે.

આ તકે, ગુજરાત અને તમિલના કલાકારો દ્વારા વિવિધ સાંકૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ થીમ સોંગ પર બન્ને સંસ્કૃતિઓનું સંગમ કરી ખૂબ મનમોહક કૃત્તિઓ રજૂ કરવામાં આવી હતી. આ પ્રસંગે રાજ્યપાલશ્રી સાથે લેડી ગવર્નરશ્રી, કલ્ચર અને પ્રવાસન કેન્દ્રીયમંત્રી જી.કિશન રેડ્ડી, રેલવે અને કાપડ કેન્દ્રીય રાજ્યમંત્રીશ્રી દર્શનાબેન જરદોશ, વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી જગદીશ મકવાણા, કોડીનાર ધારાસભ્યશ્રી ડો. પ્રદ્યુમન વાજા, સોમનાથ વેરાવળ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી રામીબને વાજા, જિલ્લા પદાધિકારી/ અધિકારીશ્રીઓ તથા અગ્રણીઓ અને સૌરાષ્ટ્રીયન તમિલ પરિવારો ઉપસ્થિત રહ્યા હતા.





## માતૃભૂમિ સાથે મેળાપ કરાવવા બદલ

# પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર માનતા મદુરાઈના કે.વી. મહાલક્ષ્મીગીર



વેરાવળ, તા.૨૨ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં સૌરાષ્ટ્ર તમિલ સંગમમ કાર્યક્રમ દ્વારા મૂળ સૌરાષ્ટ્રના તમિલ બાંધવો અને ભગિનીઓનું સોમનાથ ખાતે પુનઃમિલન થઈ રહ્યું છે ત્યારે આજરોજ મદુરાઈ થી સોમનાથ આવેલા કે.વી.મહાલક્ષ્મીએ અત્યંત હર્ષની લાગણી વ્યક્ત કરી કહ્યું હતું કે, અમારા પૂર્વજ અહીંયા હતા, અમે સપનામાં પણ વિચાર્યુ ન હતું કે અમે અહીં આવી શકીશું.. ત્યારે અમારા પૂર્વજોની ભૂમિ અમારી માતૃભૂમિ સાથે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના કારણે જ અમે મળી શક્યા છીએ. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આ ઉત્તમ વિચારથી અમને અહીં આવવાની તક મળી છે જે માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની હું હંમેશા આભારી રહીશ. આ સાથે જ કે.વી.મહાલક્ષ્મીએ જણાવી વર્તમાન સૌરાષ્ટ્રમાં સોમનાથ સ્થિત સ્થાનિક લોકો સાથે તમિલનાડુમાં સૌરાષ્ટ્રીયન સમુદાયમાં બોલાતી સૌરાષ્ટ્ર ભાષા વિશે ભાષાકીય આદાન-પ્રદાન કર્યુ હતું.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

આનંદનું મૂળસ્ત્રોત સંતોષ છે.

- મનુસ્મૃતિ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.આદર-૧૩૯૨, મુ. શવ્વાલ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, વૈશાખ સુદ-૨ અક્ષય તૃતિયા, શ્રી બિશ્વેશ્વર જયંતિ, બદરી-કેદાર યાત્રા, ભગવાન શ્રી પરશુરામ જન્મોત્સવ, મુ. રમજાન ઈદ તા.૨૨ એપ્રિલ ૨૦૨૩, શનિવાર, પારસી તા.૧૦, મુસ્લિમ તા.૧, કૃતિકા નક્ષત્ર, આયુષ્માન યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૨૬, સૂ.અ.૭:૧૩

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : પુરૂષાર્થ પછી પણ યોગ્ય ફળ ન મળે. પડવા-વાગવાથી સંભાળવું.
વૃષભ : ચિંતાનો ઉકેલ મળે. નાણાંકીય સમસ્યા હળવી બને.
મિથુન : આરોગ્ય બાબતે ચિંતા સર્જાય. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.
કર્ક : ઘરમાં વાદ-વિવાદનો પ્રસંગ બને. પ્રયત્નો વિલંબથી ફળે.
સિંહ : અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. નાણાભીડ ઉદ્ભવે.
કન્યા : ધીરજની કસોટી થાય. મનમાં ઉગ્રતા રહે.
તુલા : જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. તમારા પ્રયત્નો ફળે.
વૃશ્ચિક : કાર્યમાં અટકી-અટકીને સફળતા મળે. આર્થિક પરિસ્થિતિ ગુંચવાય.
ધન : વિશ્વાસે વહાણ ન ચલાવવું. અપયશના ભોગ બનવું પડે.
મકર : માનસિક પ્રસન્નતાનો અનુભવ થાય. પ્રવાસમાં સફળતા મળે.
કુંભ : નાણાંભીડ હળવી બને. નવિન શુભ સમાચાર મળે.
મીન : મહત્વના કાર્યમાં સફળતા મળે. ગૃહજીવનમાં ઘર્ષણ થવા સંભવ છે.

# • રમઝાન મુબારક •




**રોઝા : ૩૦ શનિવાર**

## 'જિહાદ'ની હકીકત

'જિહાદ' અને 'કાફિર' શબ્દો ઈસ્લામી કાયદાશાસ્ત્રનાં પારિભાષિક શબ્દો છે. તમે સમજી શકો છો કે કોઈ વિદ્યાના પારિભાષિક શબ્દો ચોક્કસ પશ્ચાદભૂમિકા અને વિશેષ અર્થ ધરાવતા હોય છે. એના અર્થઘટનમાં સમય, સંજોગો અને સ્થળના ફેરફારોનું ખાસ મહત્વ રહેલું હોય છે અને જે તે વિદ્યાના નિષ્ણાંતો જ એના સંબંધિત અર્થ બાબતે સાચું માર્ગદર્શન આપી શકે છે.

જિહાદ એટલે આદર્શો અને સિદ્ધાંતોની રક્ષા તથા સંવર્ધન કેવળ ખુદાની પ્રસન્નતા માટે સંઘર્ષ કરવો. ખુદાની પ્રસન્નતાને બદલે અન્ય કોઈ હેતુ હોય તો વાત ખલાસ. તે જિહાદ નથી. તમે વિચારો કે જે ધર્મ પોતે માનવજીવનની ઈશ્વરદત્ત જીવનવ્યવસ્થા હોવાનો દાવો કરતાં હોય તે શું પોતાના અનુયાયીઓને કાયરતાના પાઠ ભણાવશે? અન્યાય અનો અત્યાચાર સાહન કરવાનું શિખવાડશે?

"શ્રીમદ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણજી પણ અર્જુનને આ જ ઉપદેશ આપતાં કહે છેઃ વળી સ્વધર્મને જોઈને પણ તું કંપવાને યોગ્ય નથી, કેમ કે ક્ષત્રિયને માટે ધર્મયુક્ત યુદ્ધથી બીજું કલ્યાણ નથી. હે પાર્થ ! અનાયાસે પ્રાપ્ત થયેલું સ્વર્ગના ખુલ્લા દ્વાર રૂપ આવું યુદ્ધ તો ભાગ્યશાળી ક્ષત્રિયોને મળે છે. તેમ છતાં જો તું આ ધર્મયુક્ત યુદ્ધ નહિ કરે તો સ્વધર્મ અને કિર્તિને ત્યજી પાપને પામીશ." (શ્રીમદ્ ભગવદ્ગીતા : અધ્યાય -૨, સાંખ્યયોગ, શ્લોક નં. ૩૧, ૩૨, ૩૩)

કુર્આન તમારી પ્રકૃતિના આ પોકારનું હાર્દિક સ્વાગત કરે છે. સચ્ચાઈ અને સજજનતાને નિરાધાર તો ન જ છોડી દેવાઈ. દુર્જનોને જો છૂટો દોર આપી દેવામાં આવે તો માલિકની જમીન શૈતાનનો અડ્ડો બની જાય છે, રહીશહી સજજનતાનાં પણ નાશ પામે અને સાચા ઈશ્વર ભક્તોનું જીવવું ભારે પડી જાય છે. સદાચારના પ્રચાર અને પ્રસારની પ્રવૃતિને સજજનોએ છોડીને એક ખૂણામાં બેસી જવું પડે. તમે જ કહેશો કે આવી જ સ્થિતિ કે સુસભ્ય માનવ જગત માટે જરા પણ ઈચ્છનીય નથી.

જુઓ, તમારો અંતરાત્મા જે કહે છે તે જ વાત કુર્આન આ શબ્દોમાં કહે છેઃ "શું તમે એવા લોકોથી યુદ્ધ નહિ કરો, જેઓ તેમની સંધિ તોડી ચૂક્યા છે અને ખુદાનાં પયગંબરને દેશનિકાલ કરવાનાં કાવતરાઓ કરી ચૂક્યાં છે અને તેઓએ તમારી વિરુદ્ધ યુદ્ધની પહેલ કરી છે... તેમનાથી લડો. અલ્લાહ તેઓને તમારા હાથે સજા આપશે." (સૂર : તૌબા, ૧૩-૧૪)

આ જ વાત અન્ય સ્થળે કુર્આન આ શબ્દોમાં કહે છેઃ "જે લોકો તમારી સામે યુદ્ધ કરે છે તેમની સામે તમે પણ અલ્લાહના માર્ગમાં યુદ્ધ કરો અને અત્યાચાર ન કરો. અલ્લાહ અત્યાચાર કરનારાઓને પસંદ કરતો નથી." (સૂર : બકરહ, ૧૯૦)

આ છે જિહાદ. તે ફક્ત માથાભારે શૈતાની તત્વો સામે લડાઈ છે. સામાન્ય અને શાંતિપ્રિય બિન મુસ્લિમો સામે જિહાદનો કોઈ આદેશ નથી.

ઈસ્લામ દર્શન કેન્દ્ર, જૂનાગઢ

# છેલ્લા ૧૦૦ દિવસમાં ગુજરાતમાં પીવાના પાણી માટે લક્ષ્યાંકિત ૨૪માંથી ૨૩ યોજનાઓ પૂર્ણ કરવામાં આવી છે : મંત્રી બાવળિયા



ગાંધીનગર,તા.૨૨

ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ચાલુ વર્ષના બજેટમાં પાણી પુરવઠાની કુલ ૬,૦૦૦ કરોડની જોગવાઈ સામે 'નલ સે જલ' યોજનાને વધુ વેગ આપવા માટે રૂા.૨૬૦૨ કરોડની માતબર રકમ ફાળવવામાં આવી છે. આ મિશન હેઠળ શહેરી-ગ્રામીણ વિસ્તારોમાં પીવાનું શુદ્ધ પાણી પૂરૂં પાડવા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે તેમ પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું. મંત્રીએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વવાળી વર્તમાન સરકારના પ્રથમ ૧૦૦ દિવસમાં વિવિધ વિભાગોએ પ્રજાહિતના કાર્યો કરવાના લક્ષ્યાંક નક્કી કર્યા હતા. પાણી પુરવઠા દ્વારા ૧૦૦ દિવસમાં કુલ ૨૪ યોજનાઓ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક નક્કી કરાયો હતો. જે અંતર્ગત કુલ ૨૪માંથી ૨૩ યોજનાઓ પૂર્ણ કરી ગ્રામીણ વિસ્તારોમાં યોજનાઓનો લાભ આપવાનું શરૂ કરાયું છે. આમ લક્ષ્યાંક સામે અત્યાર સુધીમાં ૯૬ ટકા સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે જેના ફળ સ્વરૂપે અત્યાર સુધીમાં ગુજરાતની ૬૬ લાખથી વધુ વસ્તીને તેમના ઘર સુધી પીવાના શુદ્ધ પાણીનો લાભ મળતો થયો છે. મંત્રીએ વધુમાં કહ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા પાણીપુરવઠા વિભાગને આગામી ૧૦૦ દિવસમાં કુલ ૯૦૫ ગામોની ૮ યોજનાઓના કામો શરૂ કરી ૨૭ લાખ લાભાર્થીઓને લાભ આપવાનું આયોજન કરવા લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો. જેમાં ૧૦૦ દિવસમાં કુલ ૧,૧૩૮ ગામોની કુલ ૧૫ યોજનાઓના કામો શરૂ કરવામાં આવ્યા છે. આ યોજનાઓ પૂર્ણ થતાં અમદાવાદ, કચ્છ, જૂનાગઢ, ગાંધીનગર, તાપી, મહેસાણા, નવસારી, છોટાઉદેપુર, અમરેલી અને મહિસાગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોની ૩૨ લાખથી વધુ નાગરિકોને લાભ મળશે. મંત્રીએ પાણીની ગુણવત્તા ચકાસણીની કામગીરીની વિગતો આપતાં કહ્યું કે, રાજ્યમાં પાણીની ગુણવત્તા ચકાસણી માટે ૧ સ્ટેટ લેબોરેટરી, જિલ્લા કક્ષાની ૩૩ લેબોરેટરી અને તાલુકા કક્ષાની ૪૫ એમ તમામ NABLની માન્યતા પ્રાપ્ત લેબ કાર્યરત છે. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા પીવાના પાણીની ગુણવત્તાની ચકાસણી માટે રાજ્યભરની જિલ્લા તથા તાલુકા એમ કુલ ૮૦ પ્રયોગશાળાઓ તથા ગ્રામ પંચાયત સ્તરે ફીલ્ડ ટેસ્ટિંગ કિટ દ્વારા પીવાના પાણીના કુલ ૧,૨૦,૦૦૦ સેમ્પલ પરીક્ષણની કામગીરી દિન ૧૦૦માં પૂર્ણ કરવાના નિર્ધારીત લક્ષ્યાંક સામે કુલ ૧,૯૨,૭૯૭ પીવાના પાણીના સેમ્પલનું સફળ પરીક્ષણ કરાયું છે એટલે કે લક્ષ્યાંક સામે અત્યાર સુધીમાં ૧૬૦ ટકાની સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

# કેનેડા બોર્ડર ક્રોસ કરી USમાં ઘૂસવાનો પ્રયાસ કરનારા ૯ લોકો ઠંડીમાં થીજ્યા

**જાન્યુઆરી ૨૦૨૨માં ડિંગુચાના જગદીશ પટેલનો પરિવાર આ જ બોર્ડર ઉપર કાતિલ ઠંડીમાં થીજી જઈ મોતને ભેટ્યો હતો**

અમદાવાદ,તા.૨૨

કેનેડા બોર્ડર ક્રોસ કરીને અમેરિકા જવાના પ્રયાસમાં ઠંડીમાં થીજી ગયેલા નવ લોકોને પોલીસે રેસ્ક્યુ કર્યા છે, આ ઘટનામાં એક વ્યક્તિ લાપતા હોવાનું પણ બહાર આવ્યું છે. તાજેતરમાં આ ગ્રુપ બોર્ડર ક્રોસ કરી અમેરિકામાં ઘૂસવાનો પ્રયાસ કરી રહ્યું હતું. તમામ લોકો પગપાળા સાઉથઈસ્ટર્ન મેનિટોબાના સ્પ્રાગ નજીક જંગલોમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમની તબિયત લથડતાં તેમણે જ પોલીસનો સંપર્ક કર્યો હતો. કેનેડિયન મીડિયાના રિપોર્ટ્સ અનુસાર આ તમામ લોકોને બચાવવામાં આવ્યા હતા તેમ રોસીયુ કંટ્રીના શેરિફ સ્ટીવ ગસ્ટે જણાવ્યું હતું. રેસ્ક્યુ કરાયેલા લોકો કાતિલ ઠંડીને કારણે હાયપોથર્મિયાના ભોગ બન્યા છે. ગેરકાયદે રીતે અમેરિકા જઈ રહેલા આ લોકોમાંથી અમુક લોકોની તબિયત વધુ બગડતાં તેમને હોસ્પિટલ ખસેડાયા છે, પરંતુ મોટાભાગના લોકો હાલ સ્વસ્થ છે. પોલીસના જણાવ્યા અનુસાર, કાતિલ ઠંડીમાં વરસાદ પડતાં આ લોકોના કપડાં ભીના થઈ જવાથી તેઓ થીજી ગયા હતા. જે જગ્યાએ આ ઘટના બની છે તેનાથી થોડે દૂર હાઈવે ઉપર અમેરિકામાં પ્રવેશવાનો ઓફિશિયલ પોર્ટ આવેલો છે, પરંતુ બોર્ડર ક્રોસ કરી રહેલું આ ગ્રુપ તેનાથી ઘણું દૂર હતું. આ વિસ્તારમાં રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસનું રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ ચાલુ હોય છે. કેનેડાથી અમેરિકામાં ઘૂસણખોરી કરતા લોકો પણ આ રૂટ ઉપરથી મોટાભાગે પગપાળા જંગલો કે નિર્જન વિસ્તારમાં થઈને અમેરિકા પહોંચી જતા હોય છે. શિયાળામાં આ વિસ્તારમાં કાતિલ ઠંડી જીવલેણ બની જતી હોય છે, જાન્યુઆરી ૨૦૨૨માં ડિંગુચાના જગદીશ પટેલનો પરિવાર આ જ બોર્ડર ક્રોસ કરી અમેરિકા જવાના પ્રયાસમાં મોતને ભેટ્યો હતો. હાલના દિવસોમાં અહીં ઠંડી થોડી ઘટી છે, મહત્તમ તાપમાન આઠ ડિગ્રી જ્યારે લઘુત્તમ તાપમાન માઈનસ એક ડિગ્રી સુધી રહેતું હોય છે. જો કે, ક્યારેક-ક્યારેક વરસાદ પણ પડતો હોવાના કારણે ઠંડી અચાનક વધી પણ જાય છે. પગપાળા બોર્ડર ક્રોસ કરીને અમેરિકા જતાં લોકો પોલીસથી બચવા મોટાભાગે રાતના અંધારામાં જ નીકળતા હોય છે. નવ લોકોના જે ગ્રુપને પોલીસે બચાવ્યું છે તે લોકો પણ રાત્રે જ બોર્ડર ક્રોસ કરવા નીકળ્યા હતા, તેમણે ઠંડીથી બચવા ગરમ કપડાં તો પહેર્યા હતા પરંતુ વરસાદના કારણે તે ભીના થઈ જતાં તેમની હાલત બગડી હતી. જે નવ લોકોને પોલીસે રેસ્ક્યુ કર્યા છે તેમની કોઈ ઓળખ હજુ સુધી જાહેર કરવામાં નથી આવી. ઉલ્લેખનીય છે કે, હજુ ગયા મહિને જ મહેસાણાનો ચૌધરી પરિવાર ગેરકાયદે રીતે અમેરિકા જવાના પ્રયાસમાં સેન્ટ લોરેન્સ નદીમાં ડૂબી જતાં મોતને ભેટ્યો હતો. માણેકપુરા ગામના વતની પ્રવીણ ચૌધરી પોતાની પત્ની અને બે સંતાનો સાથે વિઝિટર વિઝા ઉપર કેનેડા ગયા હતા અને ત્યાંથી તેમને અમેરિકા જવાનું હતું. જો કે, તેઓ જ્યારે બોટમાં સવાર થઈ અમેરિકા જવા નીકળ્યા ત્યારે ખરાબ હવામાનના કારણે નદી તોફાની બની હતી અને તેમાં તેમની બોટ ડૂબી જતાં ચૌધરી પરિવારના ચાર સભ્યો ઉપરાંત તેમની સાથે જ અમેરિકા જઈ રહેલું એક રોમાનિયન ફેમિલી મોતને ભેટ્યું હતું. ચૌધરી પરિવારના અંતિમ સંસ્કાર પણ કેનેડામાં જ કરવામાં આવ્યા હતા, જેમાં ગુજરાતથી તેમના કોઈ પરિવારજનો સામેલ પણ નહોતા થઈ શક્યા.

# UN વસ્તી અહેવાલમાં લદાખ, જમ્મુ કાશ્મીરને ભારતથી અલગ પ્રદેશ દર્શાવ્યા

નવી દિલ્હી, તા. ૨૨

યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડે તેના વર્લ્ડ પોપ્યુલેશન ડેશબોર્ડમાં ભારતનો ખોટો નકશો દર્શાવીને નવો વિવાદ ઉભો કર્યો હતો જ્યારે આ દેશ વસ્તીની દૃષ્ટિએ ચીનને પાછળ છોડી ગયો હોવાની માહિતી આપી હતી. નકશામાં જમ્મુ અને કાશ્મીરમાંથી પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર અને લદાખના ભાગોને છોડી દેવામાં આવ્યા છે. આ પહેલીવાર નથી જ્યારે સંયુક્ત રાષ્ટ્રની સંસ્થાએ ભારતના નકશાને ખોટી રીતે દર્શાવ્યો હોય. અગાઉ એવા કિસ્સાઓ બન્યા છે જ્યારે જમ્મુ-કાશ્મીર અને લદાખને અલગ-અલગ પ્રદેશ તરીકે રજૂ કરવામાં આવ્યા છે. આ વખતે અક્સાઈ ચીન, જમ્મુ અને કાશ્મીર અને લદાખની વિવાદાસ્પદ સરહદને અલગ પ્રદેશ તરીકે દર્શાવવામાં આવી છે જ્યારે પીઓકેને પાકિસ્તાનના ભાગ તરીકે દર્શાવવામાં આવ્યો છે. વર્લ્ડ પોપ્યુલેશન ડેશબોર્ડ હેઠળ અસ્વીકાર કરવાની વાતોમાં કહેવાયું છે કે, "દર્શાવેલ સીમાઓ અને નામો અને આ નકશા ઉપર વપરાયેલ હોદ્દો સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સત્તાવાર સમર્થન અથવા સ્વીકૃતિ સૂચિત કરતા નથી." એ ઉલ્લેખ કરીને કહેવાયું કે, ૨૦૨૧માં ભારતે તેના નકશાના ખોટા ચિત્રણનો મુદ્દો ઉઠાવ્યા પછી વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યૂએચઓ)ને તેની વેબસાઈટ ઉપર અસ્વીકારો મૂકવાની ફરજ પડી હતી. ડબલ્યૂએચઓની વેબસાઈટ ઉપર જમ્મુ અને કાશ્મીર અને લદાખના કેન્દ્રશાસિત પ્રદેશોને ભારતના બાકીના ભાગો કરતા અલગ રંગોમાં દર્શાવવામાં આવ્યા હતા. નકશામાં બાકીના ભારતને ઘેરા વાદળી રંગમાં દર્શાવવામાં આવ્યું છે જ્યારે કેન્દ્રશાસિત પ્રદેશોને ગ્રેમાં શેડ કરવામાં આવ્યા છે. અક્સાઈ ચીન, ભારત અને ચીન વચ્ચેનો વિવાદિત સરહદ વિસ્તાર પણ વાદળી પટ્ટાઓ સાથે ગ્રે રંગનો હતો. આ મામલે વિદેશ મંત્રાલયના જવાબની રાહ જોવાઈ રહી છે.

# સતત વધી રહ્યા છે સોનાના ભાવ, ચાંદીનો ભાવ ૭૫ હજારને પાર



મુંબઈ તા.૨૨

અમેરિકન ડોલરમાં નરમીના કારણે સોનાના ભાવમાં તેજી આવી. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાને આજે ૧૯૮૦ના સ્તર ઉપર તાત્કાલિક સમર્થન મળ્યું છે. જ્યારે એમસીએક્સ ઉપર સોનાના ભાવને આજે ૫૯,૭૦૦ પ્રતિ ૧૦ ગ્રામના સ્તર ઉપર મજબૂત સમર્થન મળ્યું છે. કમોડિટી બજારમાં સોનામાં ખરીદી જોવામાં મળી રહી છે. જૂન ૨૦૨૩ની સમાપ્તિ માટે મલ્ટિ કમોડિટી એક્સચેન્જ ઉપર સોનાનો વાયદા કરાર ૬૦,૨૨૯ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના સ્તાર ઉપર ઉપર તરફ ખૂલ્યું અને જલ્દી જ તેણે ૬૦,૩૩૯નો આંકડો પાર કરી લીધો. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવમાં પણ તેજી જોવા મળી રહી છે અને વેપારમાં લગભગ ૨૦૦૨ ડોલરના ઉચ્ચસ્તાર ઉપર પહોંચી ગયું. મજબૂત હાજર માંગના કારણે સટોરિયાએ તાજા સોદાની લેવાલી કરી, જેનાથી વાયદા વેપારમાં સોનું ૬૦,૩૭૩ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગયું. મલ્ટિ કમોડિટી એક્સચેન્જમાં સોનાનો જૂન કરાર ૧૭,૬૫૫ લોટના વેપારમાં ૬૦,૩૭૩ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ ઉપર વેપાર કરી રહ્યું હતું.

# નીતિશના 'એકની સામે એક' ફોર્મ્યુલાથી ભાજપમાં વ્યાકૂળતા, NDA માટે ૨૦૧૪નું પ્રદર્શનનું રિપીટ કરવું સહેલું નહીં હોય



નવી દિલ્હી તા.૨૨

વિપક્ષી એકતાની પહેલ માટે મુખ્યમંત્રી નીતિશકુમારનો એકના મુકાબલે એકનો ફોર્મ્યુલા રાજગને કરાવે છે તો મહાગઠબંધનને ઉત્સાહિત કરે છે. બીજી તરફ રાજગ અત્યારથી કાટ શોધવામાં લાગ્યું છે. હિસાબ આ બતાવે છે કે, ૨૦૨૪ની ચૂંટણીમાં જો ભાજપમાં ઉમેદવારના મુકાબલે વિપક્ષ તરફથી એક ઉમેદવાર આપવામાં આવ્યો અને રાજદ, જદયુ, કોંગ્રેસ અને વામ દળોના મત એકસાથે આવી ગયા તો ભાજપનો પોતાની ૧૭ સીટો ઉપરાંત એકિકૃત લોજપાની છ સીટોને બચાવવામાં મુશ્કેલી થશે. આ સમયે ભાજપને લોજપાના બંને જૂથો ઉપરાંત રાષ્ટ્રીય લોક જનતા દળનો સાથ મળ્યો છે. આ જ સમીકરણ ૨૦૧૪માં પણ હતું. અંતર માત્ર એ છે કે રાલોસપાનું નામ બદલીને રાષ્ટ્રીય લોક જનતા દળ થઈ ગયું છે. એક આશા વિકાસશીલ ઈન્સાન પાર્ટીથી છે. ૨૦૧૪માં આ પાર્ટી બની ન હતી. જો કે, તેના સંસ્થાપક મુકેશ સહની ભાજપની સાથે હતા. અત્યારે તે દુવિધામાં છે.

**આ બેઠકો ઉપર રાજગને મળી હતી બઢત :-**

વાલ્મિકીનાગર, પશ્ચિમ ચંપારણ, પૂર્વ ચંપારણ, સીતામઢી, શિવહર, મુઝફ્ફરપુર, ગોપાલગંજ, હાજીપુર, પટના સાહિબ, પાટલિપુત્ર, આરા અને કારાકાટ એવી ૧૨ બેઠકો છે. જ્યાં રાજગને જદયુ અને રાજદ અથવા તેના સહયોગી દળોને મળાવીને મળેલા વોટોથી વધુ મળ્યા હતા. જો કે, બાકી ૨૮ બેઠકો ઉપર વર્તમાન મહાગઠબંધનના વોટોનો યોગ રાજગ ઉમેદવારોનો મળેલા વોટોથી ઘણો વધુ હતો.

## માઈક્રોબ્લોગિંગ સાઈટ ટ્વિટરે કોઈને ના છોડ્યા

# રાહુલ, યોગીથી લઈને શાહરૂખ-સલમાન સહિતના બ્લૂ ટિક હટાવ્યા

**ટ્વિટરે ૩૧ માર્ચના રોજ જાહેરાત કરી હતી કે આગામી દિવસોમાં તેમની કંપની લેગેસી વેરિફાઈડ એકાઉન્ટમાંથી બ્લૂ ટિકને હટાવી દેશે**

નવી દિલ્હી, તા.૨૨

માઈક્રોબ્લોગિંગ સાઈટ ટ્વિટરના સીઈઓ એલન મસ્કની જાહેરાત મુજબ લેગેસી વેરિફાઈડ એકાઉન્ટ પરથી બ્લૂ ટિક હટાવી લેવામાં આવ્યા છે. જેના કારણે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, યુપીના સીએમ યોગી આદિત્યનાથ, દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ, ક્રિકેટર વિરાટ કોહલી, અભિનેતા શાહરૂખ ખાન સહિત અનેક પ્રતિષ્ઠિત હસ્તીઓના બ્લૂ ચેક માર્ક હટાવી દેવામાં આવ્યા છે. ટ્વિટરના નવા નિયમો અનુસાર, હવે તેમનું પ્લેટફોર્મ ફક્ત તે લોકોને જ બ્લૂ ચેક માર્ક આપશે જે ટ્વિટર બ્લૂ માટે ચૂકવણી કરે છે. કંપનીના માલિક મસ્કે ઘણા મહિનાઓ પહેલા આ અંગેની જાહેરાત કરી હતી, તેમણે કહ્યું હતું કે ૨૦ એપ્રિલ પછી જે એકાઉન્ટ્સે પેઈડ સબસ્ક્રિપ્શન લીધું નથી તેમાંથી બ્લૂ ટિક દૂર કરવામાં આવશે. તેમણે ભારપૂર્વક કહ્યું કે જો બ્લૂ ટિકની જરૂર હોય તો તેના માટે માસિક ચાર્જ ચૂકવવો પડશે. ટ્વિટરે ૩૧ માર્ચના રોજ જાહેરાત કરી હતી કે આગામી દિવસોમાં તેમની કંપની લેગેસી વેરિફાઈડ એકાઉન્ટમાંથી બ્લૂ ટિકને હટાવી દેશે, પરંતુ કેટલાક ટેકનિકલ કારણોસર તે બ્લૂ ટિકને હટાવી શક્યા નહોતા પરંતુ બાદમાં તેમના એક ટ્વીટમાં મસ્કે જણાવ્યું હતું કે, ૨૦ એપ્રિલથી લેગેસી વેરિફાઈડ એકાઉન્ટની સામે બ્લૂ ચેક માર્ક ટ્વિટર પરથી દૂર કરવામાં આવશે. જો કે ભારતમાં કોઈ મોટી સેલિબ્રિટીએ સમાચાર લખ્યા ત્યાં સુધી તેની બ્લૂ ટિક હટાવવા અંગે કોઈ ટિપ્પણી કરી નથી. ૨૦ એપ્રિલ, ૨૦૨૩ના રોજ ટ્વિટરના સીઈઓ ઈલોન મસ્કની જાહેરાત બાદ દરેકની બ્લુ ટિક દૂર કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ટ્વિટરે મોટી હસ્તીઓની બ્લુ ટિક હટાવી દીધી છે. જેમાં વિરાટ કોહલીથી લઈને અમિતાભ બચ્ચન, સીએમ યોગી આદિત્યનાથ, શાહરૂખ ખાન અને સલમાન ખાન સુધીની બ્લુ ટિક હટાવી દેવામાં આવી છે. બીજી તરફ અબજોપતિઓની વાત કરીએ તો ભારતના દિગ્ગજ અબજોપતિ રતન ટાટા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ગ્રુપના ચેરમેન આનંદ મહિન્દ્રા અને ગૌતમ અદાણીની બ્લુ ટિક હટાવી દેવામાં આવી છે. અગાઉ, ટ્વિટરને દૂર કરવાને લઈને ઘણી વખત તારીખ બદલવામાં આવી હતી. પરંતુ આ વખતે ખરેખર બ્લુ ટિક દૂર કરવામાં આવી છે. ટ્વિટરે ઘણા હાઈપ્રોફાઈલ યુઝર્સની બ્લુ ટિક હટાવી દીધી છે, જે તેમની ઓળખની ખરાઈ કરે છે. હવે આ બ્લુ ટિક મેળવવા માટે યુઝર્સને પૈસા ચૂકવવા પડશે. ટ્વિટર અનુસાર, બ્લુ ટિક માટે ૯૦૦ રૂપિયા માસિક ફી ચૂકવવી પડશે. તે જ સમયે, વેબ વપરાશકર્તાઓ માટે ૬૫૦ રૂપિયાની ફી ચૂકવવી પડશે.

# અમીરાતના સુપર-સિક્રેટ સબમરીન પ્રોગ્રામની જાસૂસીના આરોપમાં કતાર દ્વારા ભારતીય નૌકાદળના આઠ પૂર્વ કર્મચારીઓને કેદ કરવામાં આવ્યા

નવીદિલ્હી, તા.૨૨

કતારમાં ભારતીય નૌકાદળના આઠ ભૂતપૂર્વ કર્મચારીઓ પર ઈટાલિયન નિર્મિત, ઉચ્ચ તક્નિકી સબમરીન મેળવવા માટે તેલ સમૃદ્ધ રાજ્યના ગુપ્ત કાર્યક્રમ ઉપર જાસૂસી કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. ગુપ્તચર સૂત્રોએ જણાવ્યું હતું કે, આ આઠ અધિકારીઓ સામે કાનૂની કાર્યવાહી ૨૯ માર્ચે શરૂ થઈ હોવાનું જાણવા મળ્યું છે અને આગામી સુનાવણી મે મહિનામાં થવાની છે. ટ્રીસ્ટે સ્થિત શિપબિલ્ડિંગ ફર્મ, ફિનકેન્ટેરી એસપીએને ૨૦૨૧માં બે સબમરીન પહોંચાડવા માટે કરાર કરવામાં આવ્યો હતો, જેનાથી અમીરાત દરિયાની અંદર વાહનોનું સંચાલન કરનાર પ્રથમ આરબ રાજ્ય બન્યું હતું. કતારે મુખ્ય નૌકાદળના નિર્માણના ભાગરૂપે ચાર કોર્વેટ અને હેલિકોપ્ટર કેરિયર માટે પણ ઓર્ડર આપ્યા હતા. એક ગુપ્તચર અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, અમે દોહામાં અમારા સમકક્ષોને સમજાવવાનો સખત પ્રયાસ કર્યો છે કે, ભારત અને તેના નાગરિકો અમીરાત વિરુદ્ધ પ્રતિકૂળ ગુપ્તચર કામગીરીમાં સામેલ નથી, પરંતુ કતારીઓ એવો આગ્રહ કરી રહ્યા છે કે, તેમના સબમરીન પ્રોગ્રામની ગુપ્ત માહિતી ઈઝરાયેલને આપવામાં આવી હતી. રાજ્યની ગુપ્તચર એજન્સી કતાર સ્ટેટ સિક્યોરિટીએ દાવો કર્યો હતો કે, નૌકાદળના અધિકારીઓ સબમરીન પ્રોગ્રામ ઉપર જાસૂસી કરી રહ્યા હતા. અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે, કથિત પુરાવા ભારત સાથે શેર કરવામાં આવ્યા નથી. ભૂતપૂર્વ નેવલ કમાન્ડર પૂર્ણેન્દુ તિવારી જેમને ૨૦૧૯માં ભારત માટે તેમની સેવાઓ માટે પ્રવાસી ભારતીય સન્માનથી નવાજવામાં આવ્યા હતા, તે સાથી અધિકારીઓ નવતેજસિંહ ગિલ, બિરેન્દ્રકુમાર વર્મા, સુગુનાકર પકલા, સંજીવ ગુપ્તા, અમિત નાગપાલ, સૌરભ વસિષ્ઠ અને રાગેશ ગોપકુમાર સાથે ગયા વર્ષે સપ્ટેમ્બરથી જેલમાં છે. તેઓને કતારની નૌકાદળને તાલીમ સેવાઓ આપવા માટે કરારબદ્ધ કરવામાં આવ્યા હતા. ઓછામાં ઓછા એક ભૂતપૂર્વ અધિકારીઓને સબમરીન પ્રોજેક્ટ્સનો અનુભવ હતો, તેમની લિંક્ડઈન પ્રોફાઈલ મુજબ જાહેર રેકોર્ડ દર્શાવે છે કે, સુગુણાકરે ૨૦૧૬થી ૨૦૧૮ દરમિયાન વિશાખાપટ્ટનમમાં હિન્દુસ્તાન શિપયાર્ડમાં સબમરીન સમારકામના ચાર્જમાં વધારાના જનરલ મેનેજર તરીકે કામ કર્યું હતું. તિવારીએ ડિફેન્સ કન્સલ્ટન્ટ દહરા ગ્લોબલ ટેક્નોલોજીસ એન્ડ કન્સલ્ટિંગ સર્વિસમાં મેનેજિંગ ડિરેક્ટર તરીકે કામ કર્યું હતું. દહરા ગ્લોબલના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ઓમાન એરફોર્સના ભૂતપૂર્વ અધિકારી ખામિસ અલ-અજમીને ધરપકડ બાદ થોડા સમય માટે અટકાયતમાં લેવામાં આવ્યા હતા, પરંતુ તેમને છોડી મૂકવામાં આવ્યા હતા. સૂત્રોએ જણાવ્યું કે, કંપનીએ દોહામાં ફરી કામગીરી શરૂ કરી છે અને તેના સ્ટાફમાં કેટલાક ભારતીય નાગરિકોને પણ રાખવામા આવ્યા છે. ધરપકડ કરાયેલા નૌકાદળના અધિકારીઓના પરિવારના સભ્યો તેમની મુક્તિ માટે ઝુંબેશ ચલાવી રહ્યા છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં વિદેશ મંત્રાલય (MEA)એ કહ્યું હતું કે, ભારતે આ વ્યક્તિઓની કોન્સ્યુલર એક્સેસ સુરક્ષિત કરી છે. આ મહિનાની શરૂઆતમાં MEAએ કહ્યું હતું કે, તે આ મામલાને ઉચ્ચ પ્રાથમિકતા આપે છે અને આ કેસ અંગે કતારના સત્તાવાળાઓ સાથે સંકળાયેલા છે. એમઈએના પ્રવક્તા અરિંદમ બાગચીએ કહ્યું હતું કે, હજુ સુધી અદાલતમાં તેમની વિરુદ્ધ આરોપ મૂકવામાં આવ્યા નથી. ઉકતાર દ્વારા સબમરીનનું અધિગ્રહણ ભારત અને ઈઝરાયલ બંને માટે અસરો ધરાવે છે. પાકિસ્તાન નૌકાદળ પહેલેથી જ કોસ્મોસ-ક્લાસ મિજેટ સબમરીન ચલાવે છે, જે ઈટાલિયન કંપની દ્વારા બનાવવામાં આવી છે, જેનો ઉપયોગ ભારતીય નૌકાદળની સુવિધાઓ સામે વિશેષ દળોના ઓપરેશન માટે થઈ શકે છે. કતાર પાકિસ્તાનની સશસ્ત્ર દળો સાથે ગાઢ સંબંધો ધરાવે છે અને નવી દિલ્હીને ડર છે કે, તે નવી સબમરીનમાં એમ્બેડ કરેલી સ્ટીલ્થ ટેક્નોલોજીઓ હસ્તગત કરવાનો પ્રયાસ કરી શકે છે. ઈઝરાયેલ અને કતાર પણ લશ્કરી સંબંધો ધરાવે છે, પરંતુ તેલ અવીવે સમગ્ર મધ્ય પૂર્વમાં અદ્યતન તક્નિકોના પ્રસારને અવરોધિત કરવાનો પ્રયાસ કર્યો છે

# રશિયાએ ભૂલથી પોતાના વિસ્તારમાં ફેંક્યો બોમ્બ

નવી દિલ્હી, તા.૨૨

રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ શરૂ થયાને એક વર્ષથી વધુ સમય વીતી ગયો છે, પરંતુ હજુ સુધી શાંતિ સ્થપાઈ નથી. રશિયાએ યુક્રેનના અનેક શહેરોને નષ્ટ કર્યા છે. હવે એ વાત સામે આવી છે કે રશિયાએ ભૂલથી પોતાના જ વિસ્તારમાં બોમ્બ ફેંકી દીધો છે. રશિયન રક્ષા મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું છે કે રશિયન ફાઈટર પ્લેને યુક્રેન નજીક તેના જ બેલગોરોડ શહેરમાં ભૂલથી બોમ્બ ફેંક્યો હતો. જેના કારણે જોરદાર ધડાકો થયો હતો. ઘણી ઈમારતોને ભારે નુકસાન થયું છે. જ્યારે કેટલાક લોકો ઘાયલ પણ થયા છે. રશિયન સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ગુરુવારે મોડી રાત્રે બેલગોરોડમાં વિસ્ફોટનો અવાજ સંભળાયો હતો. જ્યારે તપાસ કરવામાં આવી તો સામે આવ્યું કે આ બ્લાસ્ટ બીજા કોઈએ નહીં, પરંતુ તેના વિસ્તારમાં રશિયન એરક્રાફ્ટ દ્વારા કરવામાં આવ્યો હતો. બેલગોરોડ શહેર યુક્રેનની સરહદ પાસે આવેલું છે. વાસ્તવમાં આ રશિયન ફાઈટર પ્લેને ભૂલથી તેના જ વિસ્તારમાં બોમ્બ ફેંકી દીધો હતો. એજન્સી અનુસાર, રશિયાના સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે રશિયન એરફોર્સનું ફાઈટર પ્લેન સુખોઈ SU-34 બેલગોરોડ શહેરની ઉપરથી ઉડી રહ્યું હતું, ત્યારે ભૂલથી પ્લેનમાં બોમ્બ ફેંકી દીધો હતો. બેલગોરોડના પ્રાદેશિક ગવર્નરે જણાવ્યું હતું કે વિસ્ફોટ એટલો ગંભીર હતો કે રસ્તા પર ૨૦-મીટર (૬૫ ફૂટ) ઊંડો ખાડો પડી ગયો હતો. તેમણે જણાવ્યું કે આ દુર્ઘટનામાં ચાર કાર અને અનેક ઈમારતો સંપૂર્ણપણે નાશ પામી છે. કેટલીક મહિલાઓને ઈજા થઈ હોવાના પણ અહેવાલ છે. સંરક્ષણ મંત્રાલયે કહ્યું છે કે આ નાની ભૂલ નથી. પોતાના વિસ્તારમાં બોમ્બ કેવી રીતે ફેંકી શકાય? આ મામલે તપાસ કરવામાં આવી રહી છે. આ હુમલાનો એક વીડિયો પણ સામે આવ્યો છે. રોડ પર કોંક્રીટનો ઢગલો હોવાનું સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે. ઘણી ગાડીઓને નુકસાન થયું છે. ઘરની બારીઓના કાચ તૂટી ગયા હતા.

